સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

## WEEK 16 (17/04/22 to 23/04/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




# સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆

[ MCQ BOOSTER ]

## પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**17 APR-2022**


- દિવસ મહિમા : 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ ........ 02
- RBIનો મોનેટરી પોલિસી રિપોર્ટ (RBI-Monetary Policy Report-MPR) ........ 02
- QUESTION ANSWERS ........ 04


**18 APR-2022**


- દિવસ મહિમા : 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day) ........ 05
- ભારતમાં અત્યંત ગરીબીમાં (Extreme Poverty) 12.3%નો ઘટાડો : વિશ્વ બેન્ક ........ 05
- યુક્રેને રશિયાને 'આતંકવાદના રાજ્ય પ્રાયોજક' તરીકે નિયુક્ત કરવા વિનંતી કરી ........ 06
- QUESTION ANSWERS ........ 08


**19 APR-2022**


- દિવસ મહિમા : 19 એપ્રિલ, વિશ્વ યકૃત દિવસ (World Liver Day) ........ 09
- શ્રીલંકામાં આર્થિક કટોકટી (Economic Crisis in Sri Lanka) ........ 09
- ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ, 2022 ........ 11
- QUESTION ANSWERS ........ 12


**20 APR-2022**


- શ્રી મનોજ પાંડે ભારતીય આર્મીના નવા વડા બનશે ........ 13
- SpaceXએ અમેરિકાનો જાસૂસી ઉપગ્રહ NROL-85 લોન્ચ કર્યો ........ 14
- ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનો શિલાયન્સ ........ 14
- QUESTION ANSWERS ........ 17


**21 APR-2022**


- દિવસ મહિમા : 21 એપ્રિલ, નેશનલ સિવિલ સર્વિસ ડે, વિશ્વ સર્જનાત્મકતા અને નવીનતા દિવસ ........ 18
- નેધરલેન્ડમાં 2022 ઇન્વિક્ટસ ગેમ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે ........ 19
- વિશ્વનું પ્રથમ 'ક્રિપ્ટો-બેક્ડ' (ક્રિપ્ટો સમર્થિત) ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું ........ 20
- QUESTION ANSWERS ........ 21


**22 APR-2022**


- દિવસ મહિમા : 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day) ........ 22
- ગુરૂ તેગ બહાદુર ........ 22
- સ્કોર્પિયન ક્લાસની છઠ્ઠી સબમરીન INS વાગશીર લોન્ચ ........ 24
- QUESTION ANSWERS ........ 26


**23 APR-2022**



- દિવસ મહિમા : 23 એપ્રિલ, વિશ્વ પુસ્તક દિવસ, અંગ્રેજી ભાષ દિવસ ........ 27
- શ્રી અજય કુમાર સૂદ ભારત સરકારના નવા મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર બન્યા ........ 28
- ભારતનો પ્રથમ કોમર્શિયલ-ગ્રેડ ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદન પ્લાન્ટ : જોરહાટ ........ 28
- ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ 2022 ........ 29
- QUESTION ANSWERS ........ 30

ONE LINER ........ 31

QUESTION OF THIS WEEK ........ 37


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 17 એપ્રિલ, વિશ્વ હિમોફિલિયા દિવસ




World Federation of Hemophilia દ્વારા દર વર્ષે 17 એપ્રિલના રોજ 'વિશ્વ હિમોફિલિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ હિમોફિલિયા અને અન્ય વારસાગત રક્તસ્ત્રાવ વિકૃતિઓ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો છે.
- હિમોફિલિયા એ રક્તસ્ત્રાવને લગતી એક આનુવંશિક બિમારી છે.
- જેમાં લોહી ગંઠાઈ ન જવાની ક્ષમતા ગંભીર રીતે ઘટી જાય છે, જેથી નાની ઈજા પણ ગંભીર રક્તસ્ત્રાવનું કારણ બની શકે છે.
- શ્રી ફ્રેન્ક શ્નાબેલ (Frank Schnabel) એ 'વર્લ્ડ ફેડરેશન ઓફ હિમોફિલિયા'ની સ્થાપના કરી હતી.
- આથી, શ્રી ફ્રેન્ક શ્નાબેલ (Frank Schnabel)ના જન્મ દિવસ 17 એપ્રિલ નિમિત્તે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2022ના વિશ્વ હિમોફિલિયા દિવસની થીમ 'Access for All : Partnership.Policy. Progress.Engaging Your Government, Integrating inherited bleeding disorders into national Policy' છે.

## RBIનો મોનેટરી પોલિસી રિપોર્ટ (RBI-Monetary Policy Report-MPR)

ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ તાજેતરમાં એપ્રિલ, 2022 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડયો છે.

- સતત અગિયારમી વખત પોલિસી રેટ યથાવત રાખવામાં આવ્યો છે.
- રેપો રેટ 4% પર યથાવત રાખવામાં આવ્યો છે.
- જ્યારે રિવર્સ રેપો રેટને પણ 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે.
- સીમાંત સ્થાયી સુવિધા (Marginal Standing Facility-MSF) દર અને બેંક દર (Bank Rat)ને પણ પહેલાની જેમ 4.25% પર યથાવત રાખવામાં આવ્યા છે.
- ક્રૂડ ઓઈલ અને કોમોડિટી (વસ્તુઓ)ના ભાવમાં વધારો તથા રશિયા–યુક્રેન યુદ્ધની અસરને ધ્યાનમાં રાખીને RBIએ GDP વૃદ્ધિના અનુમાનને 7.8%થી ઘટાડીને 7.2% કર્યું છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **RBI**એ જાહેરાત કરી હતી કે લોકો દેશભરની તમામ બેંકોમાં કાર્ડ વગર **ATM**માંથી પૈસા ઉપાડી શકશે, ડિજિટલ ઈન્ડિયાને આગળ વધારવા માટે આવું પગલું લેવામાં આવ્યું છે.
- રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ **2022-23** માટે તેના ફુગાવાનું અનુમાન અગાઉના અંદાજિત **4.5%**થી વધારીને **5.7%** કર્યો છે, જો કે તે રિઝર્વ બેંકના **6%**ના લક્ષ્યાંકના ઉપલા બોન્ડથી પણ નીચે છે.

**યથાવત પોલિસી રેટ**

| ક્રમ | ઈન્ડિકેટર્સ | રેટ |
|---|---|---|
| 1 | રેપો રેટ | 4% |
| 2 | રિવર્સ રેપો રેટ | 3.35% |
| 3 | MSF | 4.25% |
| 4 | બેંક રેટ | 4.25% |
| 5 | CRR | 4.00% |
| 6 | SLR | 18% |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) રિઝર્વ બેંક જે દરે અન્ય બેંકોને ધિરાણ કરે છે તે દરને રેપો રેટ કહે છે.
(2) જ્યારે રિઝર્વ બેંક અન્ય બેંકો પાસેથી જે દરે ધિરાણ લે છે તે દરને રિવર્સ રેપો રેટ કહેવામાં આવે છે.
(3) CRRનું પૂરું નામ 'Cash Reserve Ratio' છે.
(4) SLRનું પૂરું નામ 'Statutory Liquidity Ratio' છે.
(5) MSFનું પૂરું નામ 'Marginal Standing Facility' છે.

## Monetary Policy Report

**RBI**ની મોનેટરી પોલિસીની કમિટી (**MPC**) દ્વારા 'મોનેટરી પોલિસી રિપોર્ટ' પ્રકાશિત કરવામાં આવે છે.

- મોનેટરી પોલિસી એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા દેશમાં ભાવની સ્થિરતા જાળવવા અને ઉચ્ચ આર્થિક વૃદ્ધિ હાંસલ કરવા માટે વ્યાજ દરના નિયંત્રણ દ્વારા અર્થતંત્રમાં નાણાંના પુરવઠાને નિયંત્રિત કરવામાં આવે છે.
- ભારતમાં **Monetary Policy** ની સમીક્ષા માટે 'મોનેટરી પોલિસી કમિટી'ની રચના કરવામાં આવે છે.
- **RBI**ના ગવર્નર આ કમિટીના અધ્યક્ષ હોય છે.

1. 'વિશ્વ હિમોફિલિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 એપ્રિલ (B) 16 એપ્રિલ

(C) 17 એપ્રિલ (D) 18 એપ્રિલ (C)

2. તાજેતરમાં RBI દ્વારા એપ્રિલ, 2022 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' (MPR) બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં રેપો રેટ કેટલા ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે ?

(A) 2% (B) 3.5%

(C) 4% (D) 6% (C)

3. તાજેતરમાં RBIએ એપ્રિલ, 2022 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' બહાર પાડયો હતો. જેમાં રિવર્સ રેપો રેટ કેટલા ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે ?

(A) 3.35% (B) 4.35%

(C) 5.43% (D) 5.35% (A)

4. તાજેતરમાં RBIએ એપ્રિલ, 2022 માટે 'મોનેટરી પોલિસી રિપોર્ટ' બહાર પાડયો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રેપો રેટ 4% પર યથાવત રાખવામાં આવ્યો છે.
2. રિવર્સ રેપો રેટને 3.35% પર યથાવત રાખવામાં આવ્યો છે.
3. આ રિપોર્ટમાં RBIએ GDP વૃદ્ધિના અનુમાનને 7.8%થી ઘટાડીને 7.2% કર્યુ છે.
4. RBIએ નાણાકીય વર્ષ 2022-23 માટે તેના ફુગાવાનું અનુમાન અગાઉના અંદાજિત 4.5%થી વધારીને 5.7% કર્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3, અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 18 એપ્રિલ, વિશ્વ વિરાસત દિવસ (World Heritage Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 18 એપ્રિલના રોજ 'વર્લ્ડ હેરિટેજ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ સંસ્કૃતિ સાથે જોડાયેલા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળોના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો છે.
- ઈ.સ. 1982માં International Council on Monuments and Sites (ICOMOS) નામની સંસ્થા દ્વારા 18 એપ્રિલના રોજ આ દિવસ ઉજવવાની દરખાસ્ત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 1983માં મળેલી UNESCOની 22મી સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2022ની 'World Heritage Day'ની થીમ 'Heritage and Climate' છે.

નોંધ : (1) World Heritage Dayને 'International Day for Monuments and sites' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) UNESCOનું પૂરું નામ United Nations Educational, Scientific and Cultural Organization છે.

(3) UNESCOનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં અત્યંત ગરીબીમાં (Extreme Poverty) 12.3%નો ઘટાડો : વિશ્વ બેન્ક

વર્લ્ડ બેંકે તાજેતરમાં એક રિપોર્ટ જાહેર કર્યો છે, આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં અત્યંત ગરીબીમાં વર્ષ 2011ની સરખામણીમાં 2019માં 12.3%નો ઘટાડો થયો છે.

- ગરીબીનો આંકડો 2011માં 22.5 ટકાથી ઘટીને 2019માં 10.2 ટકા થયો હતો.
- વર્લ્ડ બેંકના પોલિસી રિસર્ચ વર્કિંગ પેપર મુજબ શહેરી વિસ્તાર કરતા ગ્રામીણ વિસ્તારોમાં ગરીબીમાં ઘટાડો વધુ હતો.
- વર્ષ 2011થી 2019 દરમિયાન ગ્રામીણ ગરીબીમાં 14.7 ટકા અને શહેરી ગરીબીમાં 7.9 ટકાનો ઘટાડો થયો છે.
- આ અભ્યાસ મુજબ નાના–સીમાંત ખેડૂતોની ઉચ્ચ આવકમાં વધારો થયો છે.
- નાના અને સીમાંત ખેડૂતોની આવકમાં 2013 અને 2019ના સર્વેક્ષણ વચ્ચે 10 ટકાનો વધારો થયો હતો.
- જ્યારે મોટા ખેડૂતોની વાસ્તવિક આવકમાં 2 ટકાનો વધારો થયો છે.

## World Bank

વર્લ્ડ બેંક એ સંયુક્ત રાષ્ટ્ર (United Nations)ની એક વિશિષ્ટ સંસ્થા છે.

- તેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં ગરીબીનું પ્રમાણ ઘટાડવુ, આંતરરાષ્ટ્રીય રોકાણમાં વધારો કરવો અને વિશ્વને આર્થિક રીતે પ્રગતિશિલ બનાવવાનો છે.
- તેનું વડું મથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- તેની સ્થાપના અમેરિકામાં 'બ્રેટન વુડ્સ સંમેલન' દરમિયાન જુલાઈ, 1944માં થઈ હતી.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) 'Working for a World Free of Poverty' છે.

નોંધ : (1) વર્લ્ડ બેંકના પ્રથમ અધ્યક્ષ શ્રી યુજેન મેયર હતા.

(2) વર્લ્ડ બેંકના વર્તમાન અધ્યક્ષ શ્રી ડેવિડ માલ્પસ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યુક્રેને રશિયાને 'આતંકવાદના રાજ્ય પ્રાયોજક' તરીકે નિયુક્ત કરવા વિનંતી કરી

યુક્રેનના રાષ્ટ્રપતિ શ્રી વોલોડીમિર ઝેલેન્સકીએ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેનને રશિયાને 'આતંકવાદના રાજ્ય પ્રાયોજક' તરીકે નિયુક્ત કરવા વિનંતી કરી છે.

- તેના પરિણામે યુએસ માટે ઉપલબ્ધ રશિયા સામેના તમામ સખત પ્રતિબંધો લાદવામાં આવશે.

### આતંકવાદના રાજ્ય પ્રાયોજકનો અર્થ

આ ટેગ હેઠળ અમેરિકાના વિદેશમંત્રી પાસે આંતરરાષ્ટ્રીય આતંકવાદના કૃત્યો માટે વારંવાર સમર્થન આપતા દેશોને 'આતંકવાદના રાજ્ય પ્રાયોજક' તરીકે નિયુક્ત કરવાની સત્તા છે.

- આ યાદીમાં સામેલ દેશો પર અમેરિકા ચાર પ્રકારના પ્રતિબંધો લાદી શકે છે :

(1) અમેરિકન વિદેશી સહાય પર પ્રતિબંધ

(2) સંરક્ષણ નિકાસ અને વેચાણ પર પ્રતિબંધ

(3) દ્વિ–ઉપયોગી માલની નિકાસ પર પ્રતિબંધ

(4) વિવિધ નાણાકીય અને અન્ય પ્રતિબંધ

- આ ટેગ હેઠળ તે દેશો અને વ્યક્તિઓ પર પણ પ્રતિબંધો લાદવામાં આવી શકે છે જે નિર્દિષ્ટ દેશો સાથે વેપાર કરે છે.

## આ યાદીમાં સામેલ દેશો

- આતંકવાદના રાજ્ય પ્રાયોજકોની યાદીમાં અત્યાર સુધી ચાર દેશો છે :
  (1) સીરિયા (29 ડિસેમ્બર, 1979ના રોજ નિયુક્ત)
  (2) ઈરાન (19 જાન્યુઆરી, 1984ના રોજ નિયુક્ત)
  (3) ઉત્તર કોરિયા (20 નવેમ્બર, 2017ના રોજ નિયુક્ત)
  (4) ક્યૂબા (12 જાન્યુઆરી 2021ના રોજ ક્યૂબાને આતંકવાદના પ્રાયોજક તરીકે ફરીથી નિયુક્ત કરવામાં આવ્યું હતું.)

## આ ટેગની અસર

- આ ટેગ દેશને એકવાર આપવામાં આવે તો તેની નાણાકીય વ્યવસ્થાને નુકસાન થઈ શકે છે.
- અમેરિકામાં હાજર જે તે દેશની સંપત્તિઓ ફ્રીઝ કરી શકાય છે.
- અમેરિકા તે દેશ દ્વારા વિશ્વબેંક અથવા ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ પાસેથી લોન મેળવવાના પ્રયાસોને પણ વીટો કરી શકે છે.
- નિર્દિષ્ટ દેશ સાથે વ્યાપાર કરવાનું ચાલુ રાખનાર કોઈપણ દેશ સામે અમેરિકા કોઈપણ આર્થિક પગલાં લઈ શકે છે.



**1.** ‘વિશ્વ વિરાસત દિવસ’ અથવા તો "International Day for Monuments and Sites' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 એપ્રિલ (B) 17 એપ્રિલ

(C) 18 એપ્રિલ (D) 19 એપ્રિલ **(C)**

**2.** વર્ષ 2022ના ‘વર્લ્ડ હેરિટેજ ડે’ની થીમ શું છે ?

(A) Shared Dreem, Shared Heritage, Shared Responsibility

(B) Shared Knowledge, Shared Heritage, Shared Responsibility

(C) Heritage and Nature

(D) Heritage and Climate **(D)**

**3.** તાજેતરમાં વર્લ્ડ બેંકે એક રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર ભારતમાં અત્યંત ગરીબીમાં વર્ષ 2011ની સરખામણીમાં 2019માં...............નો ઘટાડો થયો છે.

(A) 12.3% (B) 10.2%

(C) 14.28% (D) 21.1% **(A)**

**4.** વર્લ્ડ બેંકનું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?

(A) વોશિંગ્ટન ડિસી (B) પેરિસ

(C) જિનીવા (D) શાંઘાઈ **(A)**

**5.** યુકેને તાજેતરમાં રશિયાને ‘આતંકવાદના રાજ્ય પ્રાયોજક’ તરીકે નિયુક્ત કરવા વિનંતી કરી છે. આ ‘આતંકવાદના રાજ્ય પ્રાયોજક’ ટેગ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. અમેરિકાના વિદેશમંત્રી પાસે આંતરરાષ્ટ્રીય આતંકવાદના કૃત્યો માટે વારંવાર સમર્થન આપતા દેશોને ‘આતંકવાદ રાજ્ય પ્રાયોજક’ તરીકે નિયુક્ત કરવાની સત્તા છે.
2. આ યાદીમાં સામેલ દેશો પર અમેરિકા વિદેશી સહાય, સંરક્ષણ નિકાસ, વેચાણ પર પ્રતિબંધ, નાણાકીય વગેરે પર પ્રતિબંધો લાદી શકે છે.
3. સીરિયા, ઈરાન, ઉત્તર કોરિયા અને ક્યૂબા આ યાદીમાં સામેલ દેશો છે.


યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 19 એપ્રિલ, વિશ્વ યકૃત દિવસ (World Liver Day)




દર વર્ષે 19 એપ્રિલના રોજ 'વિશ્વ યકૃત દિવસ'નું આયોજન કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ શરીરમાં યકૃત અને તેના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- યકૃત માનવ શરીરને સ્વસ્થ રાખવા માટે ડિટોક્સિફિકેશન અને પાચન સહિત વિવિધ જટિલ કાર્યો કરે છે.
- નોંધનીય છે કે યકૃત માનવ શરીરનું બીજુ સૌથી મોટું અંગ છે અને પાચનતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.
- યકૃત મુખ્યત્વે માનવ શરીરમાં ચેપી રોગનો સામનો કરવા, બ્લડ શુગરને નિયંત્રિત કરવા, શરીરમાંથી ઝેર દૂર કરવા, કોલેસ્ટ્રોલના સ્તરને નિયંત્રિત કરવા અને લોહીના ગંઠાઈ જવા માટે મદદ કરે છે.

## શ્રીલંકામાં આર્થિક કટોકટી (Economic Crisis in Sri Lanka)




બેલેન્સ ઓફ પેમેન્ટ્સ (BOP/બાકી રહેલું નાણું)ની ગંભીર સમસ્યાના કારણે તાજેતરમાં શ્રીલંકાની અર્થવ્યવસ્થા સંકટમાં છે.

- તેના વિદેશી હૂંડિયામણની અનામત ઝડપથી ઘટી રહી છે અને દેશ માટે જરૂરી વપરાશની વસ્તુઓની આયાત કરવી મુશ્કેલ બની રહી છે.
- શ્રીલંકાની વર્તમાન આર્થિક કટોકટી તેના આર્થિક માળખામાં ઐતિહાસિક અસંતુલન, IMFની લોનની શરતો અને સરમુખત્યારશાહી શાસકોની ગેરમાર્ગે દોરેલી નીતિઓનું પરિણામ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAM

### શ્રીલંકામાં કટોકટીનું કારણ

જ્યારે શ્રીલંકા વર્ષ 2009માં 26 વર્ષના ગૃહયુદ્ધમાંથી બહાર આવ્યુ ત્યારે તેની યુદ્ધ પછીની GDP વૃદ્ધિ 2012 સુધી દર વર્ષે 8.9%ના યોગ્ય ઊંચા સ્તરે રહી હતી.

- પરંતુ વૈશ્વિક કોમોડિટીના ભાવમાં ઘટાડો, નિકાસમાં મંદી અને આયાતમાં વધારા સાથે, તેનો સરેરાશ GDP વૃદ્ધિ દર 2013થી લગભગ અડધો થઈ ગયો છે.
- ગૃહયુદ્ધ દરમિયાન શ્રીલંકાની બજેટ ખાદ્ય ઊંચી હતી અને 2008ની વૈશ્વિક નાણાકીય કટોકટીએ તેના વિદેશી હૂંડિયામણના ભંડારને ઘટાડયો હતો.
- જેના કારણે શ્રીલંકાને IMF પાસેથી 2.6 મિલિયન ડોલર લોન લેવાની ફરજ પડી હતી.
- વર્ષ 2016માં શ્રીલંકાએ ફરી એકવાર 1.5 મિલિયનની લોન માટે IMFનો સંપર્ક કર્યો હતો, પરંતુ IMFની શરતોએ શ્રીલંકાની સ્થિતિ વધુ ખરાબ કરી હતી.

## તાજેતરની આર્થિક સ્થિતિ

એપ્રિલ, 2019માં કોલંબોના વિવિધ ચર્ચોમાં ઈસ્ટર બોમ્બ ધડાકામાં 253 લોકોના મૃત્યુ થયા હતા.

- જેના પરીણામે શ્રીલંકામાં પ્રવાસીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો થયો હતો, જેના કારણે તેના વિદેશી વિનિમય અનામત પર અસર પડી હતી.
- વર્ષ 2019માં સત્તામાં આવેલી શ્રી ગોટાબાયે રાજપક્ષેની સરકારે તેના ચૂંટણી પ્રચારમાં ખેડૂતો માટે ઓછા કર દરો અને વ્યાપક રાહતોનું વચન આપ્યુ હતું.
- આ ગેરવાજબી વચનોની ઝડપી પરિપૂર્ણતાએ સમસ્યામાં વધારો કર્યો હતો.
- વર્ષ 2020માં ઉદ્દભવેલી કોવિડ-19 મહામારીએ આ પરિસ્થિતિને વધુ ખરાબ બનાવી હતી.
- નીચેની સમસ્યાઓને કારણે કોવિડ-19 મહામારી દરમિયાન પરિસ્થિતિ વધુ ખરાબ બની હતી :

(a) ચા, રબર, મસાલા અને કાપડની નિકાસને નુકસાન થયુ.

(b) પ્રવાસીઓનું આગમન અને આવકમાં વધુ ઘટાડો થયો.

(c) સરકારી ખર્ચમાં થયેલા વધારાને કારણે વર્ષ 2020-21માં રાજકોષીય ખાદ્ય 10%થી વધી ગઈ અને 'દેવુ–GDP રેશિયો' 2019માં 94%થી વધીને 2021માં 119% થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રીલંકામાં ખાતર પર પ્રતિબંધ

વર્ષ 2021માં શ્રીલંકાની સરકારે તમામ ખાતરની આયાત પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકયો અને રાતોરાત શ્રીલંકાને 100% ઓર્ગેનિક ફાર્મિંગ દેશ બનાવવાની જાહેરાત કરી.

- રાતોરાત જૈવિક ખાતર તરફ આગળ વધવાના આ પ્રયોગે ખાદ્ય ઉત્પાદનને ગંભીર અસર કરી છે.
- પરિણામે શ્રીલંકાના રાષ્ટ્રપતિએ ખાદ્યપદાર્થોની વધતી કિંમતો, ચલણનું અવમૂલ્યન ચાલુ રાખવા અને વિદેશી હૂંડિયામણના ભંડારને ઝડપથી ઘટવા માટે દેશમાં આર્થિક કટોકટી જાહેર કરી હતી.
- રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પર આપત્તિજનક રાતોરાત પ્રતિબંધ, વિદેશી હૂંડિયામણની તંગી સાથે ખાદ્યપદાર્થોના ભાવમાં વધુ વધારો થયો.
- મોંઘવારીનું સ્તર હાલમાં 15% કરતા વધી ગયું છે અને સરેરાશ 17.5% રહેવાનો અંદાજ છે.
- જેણે લાખો ગરીબ શ્રીલંકાના લોકોને ગંભીર મુશ્કેલીમાં સ્થિતિમાં પહોંચાડયા છે.

## ભારતની મદદ

ભારત શ્રીલંકાને જાન્યુઆરી 2022થી નોંધપાત્ર આર્થિક સહાય પૂરી પાડી રહ્યું છે.

- 2022ની શરૂઆતથી ભારત દ્વારા 1.4 મિલિયન ડોલરથી વધુની રાહત આપવામાં આવી રહી છે.
- જેમાં 400 મિલિયન ડોલરના ચલણની અદલાબદલી, 500 મિલિયન ડોલરની લોન મુલતવી અને ઈંધણની આયાત માટે 500 મિલિયન ડોલરની 'લાઈન ઓફ ક્રેડિટ'નો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત તાજેતરમાં ભારતે અભૂતપૂર્વ આર્થિક સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકાને 1 મિલિયન ડોલરની ટૂંકા ગાળાની રાહત લોન પણ આપી છે.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ, 2022

તાજેતરમાં ગુજરાતની વિધાનસભામાં 'ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ, 2022' (Gujarat Privet University Reform Bill, 2022) સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે.

- આ બિલ પસાર થયા બાદ ગુજરાતમાં હવે વધુ 11 નવી ખાનગી યુનિવર્સિટી સ્થાપવામાં આવશે.
- આ બિલ ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

### બિલમાં સમાવિષ્ટ 11 નવી યુનિવર્સિટીઓ

- ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ, 2022માં સમાવિષ્ટ 11 યુનિવર્સિટી નીચે મુજબ છે :

(1) ગાંધીનગર યુનિવર્સિટી (ગાંધીનગર)
(2) સંત કબીર ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રોફેશનલ સ્ટડિઝ (SKIPS) (અમદાવાદ)
(3) સ્વામિનારાયણ યુનિવર્સિટી (ગાંધીનગર)
(4) ડો. સુભાષ યુનિવર્સિટી (જૂનાગઢ)
(5) ટ્રાન્સસ્ટેડિયા યુનિવર્સિટી (અમદાવાદ)
(6) એમ. કે. યુનિવર્સિટી (પાટણ)
(7) વિદ્યાદીપ યુનિવર્સિટી (સુરત)
(8) અદાણી યુનિવર્સિટી (અમદાવાદ)
(9) મગનભાઈ અદેનવાલા મહાગુજરાત યુનિવર્સિટી (ખેડા)
(10) લોક ભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન, સણોસરા (ભાવનગર)
(11) નોબેલ યુનિવર્સિટી (જૂનાગઢ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસને 'વિશ્વ યકૃત દિવસ' (World Liver Day) તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 19 એપ્રિલ (B) 20 એપ્રિલ

(C) 21 એપ્રિલ (D) 22 એપ્રિલ (A)

2. નીચેના વિધાનો ધ્યાનમાં લો :

1. બેલેન્સ ઓફ પેમેન્ટ્સ (BOP/બાકી રહેલુ નાણું)ની ગંભીર સમસ્યા

2. IMFની લોનની શરતો

3. સરમૂખત્યારશાહી શાસકોની ગેરમાર્ગે દોરેલી નીતિઓનું પરિણામ

4. વર્ષ 2020માં ઉદ્દભવેલી કોવિડ-19 મહામારી

5. ખાતરની આયાત પર સંપૂર્ણપણે પ્રતિબંધ

ઉપરોક્ત આપેલ કારણો અનુસાર કયા કારણો તાજેતરમાં ઉદ્દભવેલી શ્રીલંકાની આર્થિક કટોકટી માટે જવાબદાર છે ?

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 3, 4 અને 5

(C) ફક્ત 1, 2, 4 અને 5 (D) 1, 2, 3, 4 અને 5 (D)

3. તાજેતરમાં ગુજરાતની વિધાનસભામાં 'ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ, 2022' (Gujarat University Reform Bill, 2022) સર્વાનુમતે પસાર થયુ હતું. આ અંતર્ગત ગુજરાતમાં નવી કેટલી ખાનગી યુનિવર્સિટી આપવામાં આવશે ?

(A) 8 (B) 11

(C) 14 (D) 17 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી મનોજ પાંડે ભારતીય આર્મીના નવા વડા બનશે



લેફ્ટેનન્ટ જનરલ શ્રી મનોજ પાંડેની ભારતીય સેનાના નવા વડા (Chief of the Army Staff) તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- ભારતીય આર્મીના નવા વડા તરીકે તેઓ 1 મે, 2022થી આ પદ સંભાળશે.
- તેઓ શ્રી મનોજ મુકુંદ નારવણેનું સ્થાન લેશે. તેઓ 30 એપ્રિલના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે.
- લેફ્ટેનન્ટ જનરલ શ્રી મનોજ પાંડેએ ઘણી વિશેષ સૈન્ય કાર્યવાહીમાં ભાગ લીધો છે, તેઓ હાલમાં ભારતીય સેનાના નાયબ વડા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી મનોજ પાંડે

શ્રી મનોજ પાંડેનો જન્મ 6 મે, 1962ના રોજ મહારાષ્ટ્રના નાગપુર ખાતે થયો હતો.

- તેઓ ઈન્ડિયન મિલિટરી એકેડેમી (IMA), દેહરાદૂન અને નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA)-ખડકવાસલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.
- 1982માં IMAમાંથી પાસ આઉટ થયા બાદ તેમને કોર્પ્સ ઓફ એન્જિનિયર્સમાં આર્મી ઓફિસર તરીકે કમિશન આપવામાં આવ્યું હતું.
- તેમણે જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર ઓપરેશન પરાક્રમ દરમિયાન પ્લાનવાલા સેક્ટરમાં એન્જિનિયર રેજિમેન્ટનું નેતૃત્વ કર્યુ હતું.
- આર્મી સ્ટાફના વાઈસ ચીફ બનતા પહેલા તેઓ ઈસ્ટર્ન કમાન્ડના કમાન્ડિંગ ઓફિસર અને આંદામાન–નિકોબાર કમાન્ડના કમાન્ડર–ઈન–ચીફનું પદ પણ સંભાળી ચૂકયા છે.
- તેમની સેવાઓ બદલ તેમને પરમ વિશિષ્ટ સેવા મેડલ, અતિ વિશિષ્ઠ સેવા મેડલ અને વિશિષ્ટ સેવા મેડલ વગેરેથી નવાજવામાં આવ્યા છે.

**નોંધ :** શ્રી મનોજ પાંડે ભારતીય આર્મીના 29માં વડા બન્યા છે.

## SpaceXએ અમેરિકાનો જાસૂસી ઉપગ્રહ NROL-85 લોન્ચ કર્યો



17 એપ્રિલ, 2022ના રોજ કેલિફોર્નિયામાં વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી SpaceX ફાલ્કન-9 રોકેટ દ્વારા યુએસ નેશનલ રિકોન્સિન્સ ઓફિસ (NRO) જાસૂસી ઉપગ્રહને ભ્રમણકક્ષામાં છોડવામાં આવ્યો હતો.

- NROL-85 નામનો ઉપગ્રહ આ વર્ષ એજન્સીનું બીજુ મિશન હતું.
- આ પ્રક્ષેપણ પછી રોકેટનો પ્રથમ તબક્કો ઉપલા સ્ટેજથી અલગ થઈ ગયો હતો અને પૃથ્વી પર પાછો આવ્યો હતો.
- તે 114મું બૂસ્ટર હતું જે SpaceX દ્વારા સફળતાપૂર્વક પુનઃપ્રાપ્ત કરવામાં આવ્યું હતું.
- NROL-85 એ SpaceXના ફાલ્કન 9 રોકેટ બૂસ્ટરનો પુનઃઉપયોગ કરતું પ્રથમ NRO મિશન છે.
- વર્ષ 2019માં SpaceXને NROL-87 અને NROL-85 લોન્ચ કરવા માટે યુએસ એરફોર્સ તરફથી કરાર મળ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનો શિલાયન્સ




તાજેતરમાં ગુજરાતના જામનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત અને WHOના સહયોગથી નિર્માણ પામનારા 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન'નો શિલાયન્સ કર્યો હતો.

- આ સમારોહમાં WHOના ડિરેક્ટર શ્રી ટેડરોસ અધનમ અને મોરિશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિન્દ જુગનાથ તથા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.
- WHOના ડિરેક્ટર જનરલે આ સમારોહમાં ગુજરાતીમાં લોકોને શુભેચ્છા પાઠવી હતી.
- આ ઉપરાંત બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીના, ભૂટાનના વડાપ્રધાન શ્રી લોટે શેરિંગ તથા નેપાળના વડાપ્રધાન શ્રી શેર બહાદુર દેઉબાએ વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન

**WHO 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન' (GCTM) જામનગરના ગોરધનપર ગામ નજીક સ્થાપવામાં આવશે.**

- ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન (GCTM)ની સ્થાપના એ **WHO** અને **ભારત સરકારના આયુષ મંત્રાલય** વચ્ચે માનવતાની સેવા કરવાની તેની જવાબદારી પૂરી કરવા માટેની ભાગીદારી છે.
- આગામી **25 વર્ષમાં** પરંપરાગત દવા વિશ્વના દરેક પરિવાર માટે મહત્વપૂર્ણ બની જશે.
- આ કેન્દ્ર માટે WHO અને ભારત સરકાર દ્વારા **250 મિલિયન ડોલરનું** બજેટ રાખવામાં આવ્યું છે.
- વર્ષ **2024**માં આ સેન્ટર સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે.
- સેન્ટર કાર્યરત થાય ત્યાં સુધીમાં જામનગર સ્થિત **ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી**માં એક વચગાળાની ઓફિસ ટૂંક સમયમાં કાર્યરત થશે.
- આ સેન્ટરમાં ભારત ઉપરાંત **138 દેશની** ટ્રેડિશનલ મેડિસિન પર રિસર્ચ કામગીરી હાથ ધરવામાં આવશે.
- આ ઉપરાંત પરંપરાગત ચિકિત્સા પદ્ધતિના અભ્યાસ, સંશોધન, ચિકિત્સા પદ્ધતિઓ માનવ કલ્યાણના ઉપયોગમાં આવે એ માટે આ કેન્દ્રમાં કામગીરી હાથ ધરવામાં આવશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ GCTMના સફળ અમલીકરણ માટે પાંચ લક્ષ્યો નક્કી કર્યા છે જે આ મુજબ છે :

(1) ટેકનોલોજીનો ઉપયોગ કરીને પરંપરાગત જ્ઞાન પ્રણાલીનો ડેટાબેઝ બનાવવો.

(2) GCTM પરંપરાગત દવાઓના પરીક્ષણ અને પ્રમાણપત્ર માટે આંતરરાષ્ટ્રીય ધોરણો બનાવી શકે છે જેથી આ દવાઓમાં વિશ્વાસ વધે.

(3) GCTM એ એક પ્લેટફોર્મ તરીકે વિકસિત થવુ જોઈએ જ્યાં પરંપરાગત દવાઓના વૈશ્વિક નિષ્ણાતો એક સાથે કામ કરે અને અનુભવ શેર કરે.

(4) GCTMએ પરંપરાગત દવાઓના ક્ષેત્રમાં સંશોધન માટે ભંડોળ એકત્ર કરવું જોઈએ.

(5) GCTMએ ચોક્કસ રોગોની સર્વગ્રાહી સારવાર માટે પ્રોટોકોલ વિકસાવવા જોઈએ જેથી દર્દીઓ પરંપરાગત અને આધુનિક દવાઓ બંનેમાંથી લાભ મેળવી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## GCTMની સ્થાપનાનો હેતુ

### તકનીકી પ્રગતિ સાથે એકીકરણ

- આ સેન્ટરનો ઉદ્દેશ્ય પરંપરાગત દવાઓની સંભવિતતાને તકનીકી પ્રગતિ અને પુરાવા આધારિત સંશોધન સાથે એકીકૃત કરવાનો છે.

### નીતિઓ અને ધોરણો નિર્ધારિત કરવા

- તે પરંપરાગત તબીબી ઉત્પાદનો પર નીતિઓ અને ધોરણો નક્કી કરવા તેમજ દેશોને વ્યાપક, સલામત અને ઉચ્ચ–ગુણવત્તાવાળી આરોગ્યસંભાળ સિસ્ટમ બનાવવામાં મદદ કરશે.

### WHOની રણનીતિને લાગુ કરવા માટેના પ્રયત્નને સમર્થન

- તે WHOની પરંપરાગત ચિકિત્સા રણનીતિ (2014-23)ના અમલીકરણના પ્રયાસોને સમર્થન આપશે.
- તેનો હેતુ સાર્વત્રિક આરોગ્ય કવરેજના ધ્યેયને આગળ વધારવામાં પરંપરાગત દવાઓની ભૂમિકાને મજબૂત કરવા નીતિઓ અને કાર્ય યોજનાઓ વિકસાવવામાં રાષ્ટ્રોને ટેકો આપવાનો છે.
- WHOના અંદાજ મુજબ વિશ્વની 80% વસતી પરંપરાગત દવાઓનો ઉપયોગ કરે છે.

### ચાર મુખ્ય વ્યૂહાત્મક ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવું

- ચાર વ્યૂહાત્મક ક્ષેત્રમાં પુરાવા અને શિક્ષણ, ડેટા અને વિશ્લેષણ, સ્થિરતા અને સમાનતા તથા વૈશ્વિક આરોગ્યમાં પરંપરાગત દવાના યોગદાનને શ્રેષ્ઠ બનાવવા માટે નવીનતા અને ટેકનોલોજીનો સમાવેશ થાય છે.

### પરંપરાગત દવા

<u>પરંપરાગત દવા</u> (ટ્રેડિશનલ મેડિસિન)ને <u>સ્વદેશી</u> અથવા <u>લોકલ દવા</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.

- WHO અનુસાર પરંપરાગત દવા એ <u>જ્ઞાન</u>, <u>કૌશલ્યો</u> અને <u>વ્યવહારો</u>નો કુલ સરવાળો છે.
- જેનો સ્વદેશી અને વિવિધ સંસ્કૃતિઓએ સ્વાસ્થ્ય જાળવવા અને શારીરિક અને માનસિક બીમારીઓને રોકવા તથા નિદાન અને સારવાર માટે સમયાંતરે ઉપયોગ કર્યો છે.
- ભારતમાં તેને ઘણીવાર યોગ, આયુર્વેદ અને સિદ્ધ જેવી પ્રથાઓ અને ઉપચાર પદ્ધતિઓના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરવામાં આવે છે.
- જૈવવિવિધતા અને ટકાઉ સંરક્ષણની જરૂર છે કારણ કે આજે માન્ય ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોમાંથી લગભગ 40 ટકા કુદરતી પદાર્થોમાંથી મેળવવામાં આવે છે.
- ઉદાહરણ તરીકે એસ્પિરિનની શોધ વિલો વૃક્ષની છાલનો ઉપયોગ કરીને પરંપરાગત દવા યોગ પર આધારિત હતી. આ ઉપરાંત જંગલી રતાળાના છોડના મૂળમાંથી ગર્ભનિરોધક ગોળી વિકસાવવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતીય સેના (ભારતીય થલસેના અથવા ભારતીય આર્મી)ના નવા વડા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી મનોજ મુકુંદ રાય (B) શ્રી મનોજ મુકુંદ દામોદર

(C) શ્રી મનોજ પાંડે (D) શ્રી મનોજ રાવત (C)

2. શ્રી મનોજ પાંડે ભારતીય આર્મીના નવા વડા તરીકે કોનું સ્થાન લેશે ?

(A) શ્રી મનોજ મુકુંદ નારાવણે (B) શ્રી મનોજ મુકુદ દામોદર

(C) શ્રી મનોજ મુકુંદ રાય (D) શ્રી મનોજ મુકુંદ રાયબહાદુર (A)

3. spaceXએ તાજેતરમાં કયા દેશનો જાસૂસી ઉપગ્રહ NROL-85 લોન્ચ કર્યો છે ?

(A) અમેરિકા (B) બ્રિટન

(C) કેનેડા (D) ન્યૂઝિલેન્ડ (A)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે WHO ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનો શિલાયન્સ કર્યો છે ?

(A) દિલ્હી (B) જામનગર

(C) મુંબઈ (D) વડોદરા (B)

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના જામનગર ખાતે WHOના 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન'નો શિલાયન્સ કર્યો છે. આ શિલાયન્સ સમારોહમાં નીચેનામાંથી કયા અતિથિ ઉપસ્થિત હતા ?

1. શ્રી બોરિસ જોન્સન (બ્રિટન વડાપ્રધાન)
2. શ્રી ટેડરોસ અધનમ (WHO ડિરેક્ટર)
3. શ્રી પ્રવિન્દ જુગનાથ (મોરેશિયસ વડાપ્રધાન)
4. શ્રી ગિલ્બર્ટ એફ. હોંગબો (ILO ડિરેક્ટર)

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 4 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 4 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 21 એપ્રિલ, (1) નેશનલ સિવિલ સર્વિસ ડે (National Civil Service Day)

(2) વિશ્વ સર્જનાત્મક્તા અને નવીનતા દિવસ (World Creativity and Innovation Day)

## નેશનલ સિવિલ સર્વિસ ડે




ભારતમાં નાગરિક સેવા સાથે સંકળાયેલા અધિકારીઓના કાર્ય અને પ્રયત્નોને પ્રોત્સાહન આપવા અને તેને બિરદાવવા માટે દર વર્ષે 21 એપ્રિલના રોજ 'નેશનલ સિવિલ સર્વિસ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી નિમિત્તે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ઉત્કૃષ્ઠતા માટે વર્ષ 2006થી દર વર્ષે ત્રણ કેટેગરીમાં પ્રધાનમંત્રી એવોર્ડ પણ એનાયત કરવામાં આવે છે.
- આ દિવસે એટલે કે 21 એપ્રિલ, 1947ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે નવી દિલ્હીના મેટકાફ હાઉસમાં ઓલ ઈન્ડિયા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ટ્રેનિંગ સ્કુલના પ્રોબેશનરી અધિકારીઓને ઐતિહાસિક સંબોધન કર્યુ હતું.
- આ અધિકારીઓને સંબોધિત કરતી વખતે સિવિલ કર્મચારીઓને 'સ્ટીલ ફ્રેમ ઓફ ઈન્ડિયા' કહ્યું હતું.
- બ્રિટિશ યુગમાં સિવિલ સર્વિસ શબ્દનો ઉપયોગ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની વહીવટી નોકરીમાં કર્મચારી માટે થયો હતો.
- ભારતમાં સિવિલ સર્વિસનો પાયો વોરન હેસ્ટિંગ્સ દ્વારા નાખવામાં આવ્યો હતો પરંતુ પાછળથી કોર્નવોલિસ દ્વારા તેમાં વધુ સુધારા કરવામાં આવ્યા હતા.
- આથી, કોર્નવોલિસને ભારતમાં સિવિલ સર્વિસના પિતા તરીકે ઓળખવામાં આવે છે.
- જ્યારે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એ સિવિલ સર્વિસ માટે આપેલ યોગદાનના કારણે તેમને ભારતના પેટ્રોન સેન્ટ તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# નેધરલેન્ડમાં 2022 ઈન્વિક્ટસ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું




16 એપ્રિલ, 2022ના રોજ નેધરલેન્ડમાં ઈન્વિક્ટસ ગેમ્સ 2022 (Invictus Games-2022) શરૂ થઈ હતી.

- 16થી 22 એપ્રિલ દરમિયાન આ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ઈન્વિક્ટસ ગેમ્સ એ પેરાલિમ્પિક્સ જેવી જ આંતરરાષ્ટ્રીય રમતગમતની ઈવેન્ટ છે.
- પરંતુ ઘાયલ અને બીમાર લશ્કરી યુદ્ધના નિવૃત્ત સૈનિકો અને સેવા કર્મચારીઓ માટેની છે.
- આ ગેમ્સએ કવિ વિલિયમ અર્નેસ્ટ હેન્ડલીની કવિતા 'ઈન્વિક્ટ્સ'માંથી પ્રેરણા લીધી છે.
- 20 દેશોના 500થી વધુ સ્પર્ધકો તીરંદાજી, એથ્લેટિક્સ, ઈન્ડોર રોઈંગ, સાઈકલિંગ, વોલીબોલ, પાવરલિફ્ટિંગ, વ્હીલચેર, બાસ્કેટબોલ, સ્વિમિંગ અને વ્હીલચેર રગ્બીમાં ભાગ લઈ રહ્યા છે.
- ઈન્વિક્ટસ ગેમ્સની પ્રથમ આવૃત્તિ વર્ષ 2014માં લંડનમાં યોજાઈ હતી.
- ત્યારબાદ 2016 ઓરલેન્ડો–યુએસએ, 2017માં ટોરેન્ટો–કેનેડા અને 2018માં ઓસ્ટ્રેલિયાના સિડનીમાં યોજાઈ હતી.
- હવે પછી વર્ષ 2023ની આ ગેમ્સનું આયોજન જર્મનીના ડસેલડોર્ફમાં થશે.

નોંધઃ (1) નેધરલેન્ડના હેગમાં ચાલી રહેલી આ ગેમ્સ વર્ષ 2020માં યોજાવાની હતી પરંતુ Covid-19 મહામારીના કારણે મોકૂફ રાખવામાં આવી હતી.

(2) ઈન્વિક્ટસ ગેમ્સ ફાઉન્ડેશનની સ્થાપના વર્ષ 2014માં ઓપનિંગ સેરેમની બાદ કરવામાં આવી હતી.

(3) તે ગેમ્સના યજમાન શહેરોની પસંદગી કરે છે તથા નિયમો નક્કી કરવા, સ્પર્ધાનું સંચાલન, વર્ગીકરણ અને બ્રાન્ડિંગનું કામ પણ સોંપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વનું પ્રથમ 'ક્રિપ્ટો-બેક્ડ' (ક્રિપ્ટો સમર્થિત) ક્રેડિટ કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું

ક્રિપ્ટો ધિરાણકર્તા નેક્સો (Nexo)એ વિશ્વનું પ્રથમ 'ક્રિપ્ટો–બેક્ડ' (Crypto-Backed) પેમેન્ટ કાર્ડ લોન્ચ કરવા માટે માસ્ટરકાર્ડ સાથે સહયોગ કર્યો છે.

- આ લોન્ચ નાણાકીય અને ક્રિપ્ટો નેટવર્ક દ્વારા સહયોગ કરવા માટેના પગલાંનો સંકેત આપે છે, કારણ કે ડિજિટલ સંપત્તિ વધુ મુખ્ય પ્રવાહ બની જાય છે.
- શરૂઆતમાં આ કાર્ડ પસંદગીના યુરોપિયન દેશોમાં ઉપલબ્ધ થશે.
- આનાથી વપરાશકર્તાઓને તેમની ડિજિટલ સંપત્તિ જેમ કે બિટકોઈન વેચ્યા વિના ખર્ચ કરવાની મંજૂરી મળશે.
- કારણ કે ડિજિટલ સંપત્તિનો ઉપયોગ ક્રેડિટને પાછા આપવા માટે કોલેટરલ તરીકે થાય છે.
- ક્રિપ્ટો–બેક્ડ ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વિશ્વભરના 92 મિલિયન વેપારીઓ જ્યાં માસ્ટરકાર્ડ સ્વીકારવામાં આવે છે ત્યાં કરી શકાય છે.
- આ કાર્ડ દ્વારા રોકાણકારો તેમની પાસે રહેલી ક્રિપ્ટો સંપત્તિના મૂલ્યના 90% સુધી ખર્ચ કરી શકશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં 'નેશનલ સિવિલ સર્વિસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ

(C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ (B)

2. 'વિશ્વ સર્જનાત્મક અને નવીનતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ

(C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ (B)

3. કયા દેશમાં ઈન્વિક્ટસ ગેમ્સ 2022નું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) નેધરલેન્ડ (B) ઈન્ડોનેશિયા

(C) ઈંગ્લેન્ડ (D) જર્મની (A)

4. ઈન્વિક્ટસ ગેમ્સ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ઈન્વિક્ટસ ગેમ્સ એ પેરાલિમ્પિકસ જેવી જ આંતરરાષ્ટ્રીય રમતગમતની ઈવેન્ટ છે.

2. આ ઈવેન્ટ ઘાયલ અને બીમાર લશ્કરી યુદ્ધના નિવૃત્ત સૈનિકો અને સેવા કર્મચારીઓ માટેની છે.

3. આ ગેમ્સની પ્રથમ આવૃત્તિ વર્ષ 2014માં લંડનમાં યોજાય હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

5. કયા ક્રિપ્ટો ધિરાણકર્તાએ વિશ્વનું પ્રથમ 'ક્રિપ્ટો–બેક્ડ' (Crypto-Backed) પેમેન્ટ કાર્ડ લોન્ચ કરવા માટે માસ્ટર કાર્ડ સાથે સહયોગ કર્યો છે ?

(A) Mexa (B) Nexo

(C) NDRO (D) FEMT (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day)




પર્યાવરણ સંરક્ષણના સમર્થન માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 એપ્રિલના રોજ 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1970થી થયો હતો.
- વર્ષ 2022માં તેની 52મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે.
- વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીનો પ્રારંભ શ્રી જેરાલ્ડ નેલ્સન નામના અમેરિકાના સેનેટર દ્વારા 'પર્યાવરણ શિક્ષણ'ના રૂપમાં કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2009માં સંયુક્ત રાષ્ટ્રએ 22 એપ્રિલને 'આંતરરાષ્ટ્રીય માતૃ પૃથ્વી દિવસ' (International Mother Earth Day) તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- વર્ષ 2022ની 'વિશ્વ પૃથ્વી દિવસ'ની થીમ 'Invest In our Planet' છે.

નોંધ: (1) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 એપ્રિલ 'World Earth Day' ઉપરાંત "International Mother Earth Day' તરીકે પણ ઉજવાય છે.

(2) સમગ્ર વિશ્વમાં 22 એપ્રિલ 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવાય છે, જ્યારે અમેરિકામાં તેને 'વૃક્ષ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

(3) 22 એપ્રિલ, 2016ને 'વિશ્વ પૃથ્વી દિવસ'ના રોજ વિશ્વના કુલ 122 દેશો દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે ઐતિહાસિક 'પેરિસ સમજૂતી' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુરૂ તેગ બહાદુર



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શીખ ધર્મના ગુરૂ તેગ બહાદુરની 400મી જન્મજયંતિ (પ્રકાશ પર્વ)ના અવસરે લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કર્યુ હતું.

- આ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સૂર્યાસ્ત પછી લાલ કિલ્લા પરથી ભાષણ આપનાર દેશના પ્રથમ વડાપ્રધાન બન્યા છે.
- આ પ્રસંગે 400 રાગીઓ (શીખ સંગીતકારો)એ શબ્દકીર્તન કર્યુ હતું.

- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્મારક સિક્કો અને ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી.

નોંધ: (1) સ્વાતંત્ર્ય દિવસ સિવાય આવું બીજીવાર બન્યું છે કે જ્યારે વડાપ્રધાનશ્રીએ લાલ કિલ્લા પરથી ભાષણ આપ્યું હોય.

(2) 21 ઓક્ટોબર, 2018ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આઝાદ હિન્દ સરકારની સ્થાપના'ના 75 વર્ષ પ્રસંગે લાલ કિલ્લા પર તિરંગો લહેરાવ્યો હતો. પરંતુ આ પ્રસંગે તેમણે સવારે 9 વાગ્યે સંબોધન કર્યુ હતું.

## ગુરુ તેગ બહાદુર

શીખ ધર્મના 9મા ગુરુ શ્રી તેગ બહાદુરનો જન્મ 21 એપ્રિલ, 1621ના રોજ અમૃતસરમાં થયો હતો.

- તેમના પિતા ગુરુ ગોવિંદસિંહ અને માતા નાનકી હતા.
- તેમના પિતા ગુરુ ગોવિંદસિંહ શીખ ધર્મના છઠ્ઠા ગુરુ હતા.
- શ્રી તેગ બહાદુરને તેમના તપસ્વી સ્વભાવને કારણે ત્યાગ મલ (Tyag Mal) તરીકે ઓળખવામાં આવતા હતા.
- તેમણે તેમનું પ્રારંભિક બાળપણ ભાઈ ગુરદાસના આશ્રય હેઠળ અમૃતસરમાં વિતાવ્યું હતું.
- તેમણે શ્રી તેગ બહાદુરને ગુરુમુખી, હિન્દી, સંસ્કૃત અને ભારતીય ધાર્મિક દર્શન શીખવ્યું હતું.
- જ્યારે બાબા બુદ્ધે તેમને તલવારબાજી, તીરંદાજી અને ઘોડે સવારીની તાલીમ આપી હતી.
- જ્યારે તેઓ 13 વર્ષના હતા ત્યારે તેમણે મુઘલ સરદાર સામેની લડાઈમાં પોતાને પ્રતિષ્ઠિત કર્યા હતા.
- તેમની રચનાને પવિત્ર ગ્રંથ 'ગુરુ ગ્રંથ સાહિબ'માં 116 કાવ્યાત્મક સ્ત્રોતોના રૂપમાં સમાવવામાં આવી છે.
- તેઓ ઉત્સુક પ્રવાસી પણ હતા અને સમગ્ર ભારતીય ઉપખંડમાં પ્રચાર કેન્દ્રો સ્થાપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- આવા જ એક મિશન દરમિયાન તેમણે પંજાબમાં ચક–નનકી શહેરની સ્થાપના કરી હતી, જે પાછળથી પંજાબના આનંદપુર સાહિબનો ભાગ બની ગયું હતું.
- મુઘલ શાસક ઔરંગઝેબના આદેશ પર 1675માં દિલ્હીમાં તેમની હત્યા કરવામાં આવી હતી.

ભારતનો ઇતિહાસ
GPSC 1/2, PSI/CONSTABLE,
Dy. S.O./ Dy. MAMLATDAR, તલાટી,
બિનસચિવાલય કલાર્ક, વગેરે સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
NOW AVAILABLE


# સ્કોર્પિયન ક્લાસની છઠ્ઠી સબમરીન INS વાગશીર લોન્ચ



20 એપ્રિલ, 2022ના રોજ પ્રોજેક્ટ 15-B હેઠળ બનેલી સ્કોર્પિયન ક્લાસની છઠ્ઠી સબરમરીન INS વાગશીરને લોન્ચ કરવામાં આવી છે.

- આ સબમરીનનું નિર્માણ મુંબઈની 'મંઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ (MDL)' દ્વારા મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત થયું છે.
- INS વાગશીર એ સ્કોર્પિયન ક્લાસ (અથવા તો વર્ગ કે શ્રેણી)ની છઠ્ઠી અને છેલ્લી સબમરીન છે.
- સ્કોર્પિયન ક્લાસમાં કુલ 6 સબમરીનનો સમાવેશ થાય છે.
- આ 6 સબમરીનના નિર્માણ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે કરાર થયા હતા.
- આ કરાર મુજબ આ 6 સબમરીનનું નિર્માણ ભારતમાં મંઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડમાં થશે અને આ માટેની નિર્માણ ટેકનોલોજી ફ્રાન્સની 'નેવલ ગ્રુપ' નામની કંપની દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- 'પ્રોજેક્ટ 75' હેઠળ આવરી લેવામાં આવેલી સ્કોર્પિયન વર્ગની સબમરીન 'ડીઝલ–ઈલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમ' દ્વારા સંચાલિત છે.
- સ્કોર્પિયન ક્લાસની તમામ સબમરીન કોઈપણ આધુનિક સબમરીન દ્વારા કરવામાં આવતા તમામ કાર્યો કરવા માટે સક્ષમ છે.
- જેમાં એન્ટી સરફેશ તથા એન્ટી સબમરીન યુદ્ધ ક્ષમતાનો પણ સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્કોર્પિયન ક્લાસ/વર્ગ/શ્રેણીની સબમીરન

| ક્રમ | નામ | લોન્ચ | નૌકાદળમાં સમાવેશ | સ્ટેટસ |
|---|---|---|---|---|
| 1 | INS કલવરી | 2015 | 14 ડિસેમ્બર, 2017 | કાર્યરત |
| 2 | INS ખંડેરી | 12 જાન્યુઆરી, 2017 | 28 સપ્ટેમ્બર, 2019 | કાર્યરત |
| 3 | INS કરંજ | 31 જાન્યુઆરી, 2018 | 10 માર્ચ, 2021 | કાર્યરત |
| 4 | INS વેલા | 6 મે, 2019 | નવેમ્બર, 2021 | કાર્યરત |
| 5 | INS વાગીર | 12 નવેમ્બર, 2020 | – | ટ્રાયલ માટે સમુદ્રમાં |
| 6 | INS વાગશીર | 20 એપ્રિલ, 2022 | – | લોન્ચ |

**નોંધ:** (1) INS વાગશીરનું નામ હિંદ મહાસાગરની ઊંડા દરિયાઈ શિકારી પ્રજાતિ સેન્ડફિશના નામ પરથી રાખવામાં આવ્યું છે.

(2) વાગશીર એ ડીઝલ એટેક સબમરીન છે, જે દરિયામાં દુશ્મનની દેખરેખથી બચવા માટે બનાવવામાં આવી છે.

(3) તે C303 એન્ટી–ટોર્પિડો કાઉન્ટરમેઝર સિસ્ટમ સાથે ફીટ છે.

(4) ટોર્પિડોની જગ્યાએ તે 18 ટોર્પિડો અથવા એક્સોસેટ એન્ટિ–શિપ મિસાઈલો અથવા 30 માઈન્સને વહન કરી શકે છે.

## MDL

મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ અથવા તો મઝગાંવ ડોક લિમિટેડ (MDL) એ ભારતની જાહેર ક્ષેત્રની મુખ્ય જહાજ નિર્માણ કંપની છે.

- તે ભારતીય નૌસેનાની જરૂરિયાતો પૂરી કરી છે.
- આ કંપની મહારાષ્ટ્રના મુંબઈના મઝગાંવ ખાતે આવેલી છે.


**નોંધ :** (1) સ્કોર્પિયન ક્લાસની સબમરીનને અગાઉ 'કલવરી ક્લાસ'ની સબમરીન તરીકે પણ ઓળખવામાં આવતી હતી.

(2) INS Vagsheerમાં INSનું પૂરું નામ 'Indian Navy (અથવા તો Naval) Ship' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

PSI/ASI તથા કોન્સ્ટેબલ
કાયદો
MCQ BOOSTER
ઝડપી તૈયારી માટે કાયદાનો પરીક્ષાલક્ષી પ્રશ્નસંગ્રહ
વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે 1300+ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ સહિત [MCQ]
Latest 2022

- IPC,CrPC અને Evidence Actના તમામ ટોપિકના પ્રશ્ન–જવાબ (MCQ)
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નોની તૈયારી માટે
- પરીક્ષા પહેલા રીવિઝન તથા પ્રેક્ટિસ માટે અત્યંત ઉપયોગી પ્રશ્ન–જવાબ (MCQ)
- આ પ્રશ્નસંગ્રહમાં મહત્ત્વની કલમો, જોગવાઈઓ, ઉદાહરણો વગેરેની રજૂઆત તદ્દન સરળ અને સ્પષ્ટ રીતે કરવામાં આવી છે.
- આ MCQ પ્રશ્નસંગ્રહ ICEના નિષ્ણાત લેખકો દ્વારા PSI-ASI અને કોન્સ્ટેબલની અગાઉની પરીક્ષામાં પૂછાઇ ગયેલા પ્રશ્નોના ગહન અભ્યાસ બાદ તૈયાર કરવામાં આવ્યો છે.
- ગુજરાત સરકાર તથા ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ અત્યાર સુધીના તમામ લેટેસ્ટ કાયદાકીય સુધારાઓને આવરી લેતું કાયદાનું પુસ્તક. (MCQ)




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. ‘વિશ્વ પૃથ્વી દિવસ’ (World Earth Day), અથવા તો 'International Mother Earth Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ

(C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ (C)

2. વર્ષ 2022ના ‘વિશ્વ પૃથ્વી દિવસ’ની થીમ શું છે ?

(A) Climate Change (B) Climate Task

(C) Invest in our Planet (D) Support Earth and Save Trees (C)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શીખ ધર્મના કયા ગુરુની 400મી જન્મજયંતિના અવસરે લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કર્યુ હતું ?

(A) ગુરુ ગોવિંદસિંહ (B) ગુરુ અમરદાસ

(C) ગુરુ રામદાસ (D) ગુરુ તેગ બહાદુર (D)

4. 20 એપ્રિલ, 2022ના રોજ ભારતમાં કઈ સબમરીન લોન્ચ કરવામાં આવી છે ?

(A) INS Shivaji (B) INS Vagsheer

(C) INS Ranjit (D) INS Rajput (B)

5. 20 એપ્રિલ, 2022ના રોજ લોન્ચ થયેલી INS વાગશીર નામની સબમરીન કયા ક્લાસ, વર્ગ કે શ્રેણીની છઠ્ઠી સબમરીન છે ?


(A) રાજપૂત (B) ખંડેરી

(C) કારંજ (D) સ્કોર્પિયન (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 23 એપ્રિલ, (1) વિશ્વ પુસ્તક દિવસ (World Book Day) (2) અંગ્રેજી ભાષા દિવસ (English Language Day)

### વિશ્વ પુસ્તક દિવસ




પુસ્તકના વાંચન, પબ્લિકેશન અને કોપી રાઈટને પ્રોત્સાહન આપવા માટે UNESCO દ્વારા 23 એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ પુસ્તક દિવસને 'વિશ્વ પુસ્તક અને કોપી રાઈટ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- UNESCO દ્વારા સૌપ્રથમ 23 એપ્રિલ, 1995ના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપીયર અને શ્રી ઈન્કા ગ્રેસિલસો દે લા વેગાની મૃત્યુની તિથિ છે. આ ઉપરાંત તે અનેક પ્રસિદ્ધ સાહિત્યકારોના જન્મ તથા મૃત્યુ તિથિ સાથે સંકળાયેલી છે.
- આથી, 23 એપ્રિલના રોજ 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- યુનેસ્કો દર વર્ષે વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે કોઈ એક સિટીની જાહેરાત કરે છે.
- આ અંતર્ગત યુનેસ્કો દ્વારા વર્ષ 2022ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે મેક્સિકોના ગુઆડાલજારા (Guadalajara) નામના શહેરની જાહેરાત કરવામાં આવી છે.

**World Book Capital Cities**

| વર્ષ | શહેર | દેશ |
|---|---|---|
| 2018 | એથેન્સ | ગ્રીસ |
| 2019 | શારજાહ | UAE |
| 2020 | કુઆલા લુમ્પુર | મલેશિયા |
| 2021 | તિલિસી | જ્યોર્જિયા |
| 2022 | ગુઆડાલજારા | મેક્સિકો |

### અંગ્રેજી ભાષા દિવસ

સમગ્ર વિશ્વમાં 23 એપ્રિલ 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે પણ ઉજવાય છે.

- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપીયરની જન્મ તિથિ તથા મૃત્યુ તિથિ હોવાથી આ દિવસને 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી અજય કુમાર સૂદ ભારત સરકારના નવા મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર બન્યા



પ્રસિદ્ધ ભૌતિક શાસ્ત્રી શ્રી અજય કુમાર સૂદને કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર (PSA) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- શ્રી અજય કુમાર સૂદની નિમણૂકને કેબિનેટની નિમણૂક સમિતિ (ACC)એ મંજૂરી આપી હતી.
- તેમની આ પદ પર ત્રણ વર્ષ માટે નિમણૂક કરવામાં આવી છે.
- તેઓ ગ્રાફીન પરના તેમના કામ માટે જાણીતા છે. આ ઉપરાંત તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગ્લુરુમાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર છે.
- તેઓ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર તરીકે શ્રી કે વિજય રાઘવનનું સ્થાન લેશે.
- વર્ષ 2018માં શ્રી કે વિજય રાઘવનને મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે રસી અને ઔષધ વિકાસ ટાસ્ક ફોર્સની આગેવાની તેમજ મહામારીના સંચાલનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- તેમનો કાર્યકાળ 2021માં સમાપ્ત થયો હતો પરંતુ તેને એક્સ્ટેન્શન આપવામાં આવ્યું હતું.

નોંધ: (1) નવેમ્બર, 1999માં સરકાર દ્વારા મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારની ઓફિસની સ્થાપના કરવામાં આવી હતી.
(2) આ કાર્યાલયનો ઉદ્દેશ્ય વડાપ્રધાન અને મંત્રીમંડળને વિજ્ઞાન સંબંધિત પર વ્યવહારૂ અને ઉદ્દેશ્ય સલાહ આપવાનો છે.
(3) વર્ષ 1999માં પ્રથમ મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર તરીકે ડો. એ. પી. જે. અબ્દુલ કલામને નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનો પ્રથમ કોમર્શિયલ-ગ્રેડ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન પ્લાન્ટ : જોરહાટ

ઓઈલ ઈન્ડિયા લિમિટેડ (OIL)એ આસામના જોરહાટ ખાતે ભારતનો પ્રથમ કોમર્શિયલ–ગ્રેડ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કાર્યરત કર્યો છે.

- આ પ્લાન્ટ હાઈડ્રોજનનું ઉત્પાદન કરવા માટે ઓઈલ ઈન્ડિયાના 500 KW સોલાર પ્લાન્ટ પંપ સ્ટેશનમાંથી રિન્યુએબલ ઊર્જાનો ઉપયોગ કરશે.
- આસામ રાજ્યમાં હાઈડ્રોજન બસો ચલાવવા માટે ઉત્પાદિત હાઈડ્રોજન કુદરતી ગેસ સાથે ભેળવવામાં આવશે.
- આ નવા શરૂ કરાયેલા પાયલોટ પ્રોજેક્ટની દૈનિક ઉત્પાદન ક્ષમતા 10 કિલો છે, જેને વધારીને 30 કિલો પ્રતિ દિવસ કરવામાં આવશે.
- ગ્રીન હાઈડ્રોજન અશ્મિભૂત ઈંધણને બદલવાની ક્ષમતા ધરાવે છે.
- આ પ્લાન્ટ ત્રણ મહિનાના રેકોર્ડ સમયમાં કાર્યરત થયો છે.

- હાલના **500 KW સોલાર પ્લાન્ટ** દ્વારા **100 KW** એનિયન એક્સેન્જ મેમ્બ્રેન (AEM) ઈલેક્ટ્રોલાઈઝર એરેનો ઉપયોગ કરીને ઉત્પન્ન થતી વીજળીમાંથી આ પ્લાન્ટમાં ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.
- આ પ્લાન્ટ ઊર્જા સ્વતંત્રતા હાંસલ કરવાના દેશના લક્ષ્ય તરફનું એક મોટું પગલું છે.

નોંધ: (1) ઓઈલ ઈન્ડિયા દ્વારા નેચરલ ગેસ અને ગ્રીન હાઈડ્રોજનના મિશ્રણ અને હાલના OIL ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર તેની અસર અંગે IIT ગુવાહાટીના સહયોગથી એક વિગતવાર અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે.

(2) કંપની મિશ્રિત ઈંધણના વ્યવસાયિક ઉપયોગનો અભ્યાસ કરવાની યોજના ધરાવે છે.

## ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ 2022

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરમાં 'ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ 2022'નું ઉદ્દઘાટન કર્યુ છે.

- આ ત્રણ દિવસીય આયુષ ગ્લોબલ સમિટમાં ઉદ્યોગસાહસિકો, ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ અને અન્ય હિતધારકો સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત તેઓને આયુષમાં નવીનતા માટે રોકાણ વધારવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.
- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે વર્ષ **2014**માં આયુષ ક્ષેત્ર (બજાર) ત્રણ બિલિયન ડોલરથી ઓછું હતુ જે આજે વધીને **18 બિલિયન ડોલર** થઈ ગયુ છે.
- આ ઉપરાંત આયુષ ઉપચારનો લાભ લેવા આવવા ઈચ્છતા વિદેશી નાગરિકો માટે બીજી મોટી પહેલની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત ભારત ટૂંક સમયમાં વિશેષ આયુષ વિઝા શ્રેણી રજૂ કરશે.
- વર્તમાન યુગને યુનિકોર્ન યુગ ગણાવતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતુ કે વર્ષ **2022**માં જ ભારતમાંથી અત્યાર સુધીમાં **14 સ્ટાર્ટઅપ્સ** યુનિકોર્ન ક્લબમાં જોડાયા છે.
- આ ઉપરાંત શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રોફેસર આયુષ્માન' બુકનું વિમોચન પણ કર્યુ હતું.
- નોંધનીય છે કે આ ઉદ્દઘાટન સમારોહમાં WHOના ડિરેક્ટર શ્રી ટેડરોસ અધનમ, મોરેશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિન્દ જગુન્નાથ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય આયુષ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલ ઉપસ્થિત રહ્યા હતા.

નોંધ: (1) FSSAIએ તાજેતરમાં તેના નિયમોમાં 'આયુષ આહાર' નામની નવી શ્રેણીની જાહેરાત કરી છે.

(2) આનાથી હર્બલ ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ્સના ઉત્પાદકોને મોટા પ્રમાણમાં સુવિધા મળશે અને આ જ રીતે એક 'આયુષ માર્ક' પણ બનાવવામાં આવનાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. યુનેસ્કો દ્વારા દર વર્ષે કયા દિવસને 'વિશ્વ પુસ્તક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?

(A) 22 માર્ચ (B) 22 એપ્રિલ (C) 23 માર્ચ (D) 23 એપ્રિલ (D)

2. 'વર્લ્ડ બુક ડે' અથવા 'વિશ્વ પુસ્તક દિવસ'ને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

1. વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ
2. આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ
3. વિશ્વ પબ્લિકેશન દિવસ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 (B) ફક્ત 3
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 (D)

3. નીચેનામાંથી કયા પ્રસિદ્ધ સાહિત્યકારની જન્મજયંતી તથા મૃત્યુ તિથિ 23 એપ્રિલ 'વિશ્વ પુસ્તક દિવસ' તથા 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી ચાર્લ્સ ડિકન્સ (B) શ્રી જ્યોર્જ ઓરવેલ્ડ
(C) શ્રી ઓસ્કાર વાઈલ્ડ (D) શ્રી વિલિયમ શેક્સપીયર (D)

4. યુનેસ્કો દ્વારા વર્ષ 2022ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે કયા શહેરની જાહેરાત કરવામાં આવી છે ?

(A) દુબઈ (B) દિલ્હી
(C) ન્યૂયોર્ક (D) ગુઆડાલજારા (D)

5. તાજેતરમાં ભારત સરકારના નવા મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અજય કુમાર સૂદ (B) શ્રી અજય કુમાર ભલ્લા
(C) શ્રી અજય કુમાર ત્યાગી (D) શ્રી અજય કુમાર સોની (A)

6. ઓઈલ ઈન્ડિયા લિમિટેડ (OIL) એ................સ્થળે ભારતનો પ્રથમ કોમર્શિયલ – ગ્રેડ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કાર્યરત કર્યો છે ?

(A) જોરહાટ, આસામ (B) ભોપાલ, મધ્યપ્રદેશ
(C) પૂણે, મહારાષ્ટ્ર (D) ભૂવનેશ્વર, ઓડિશા (A)

7. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા સ્થળે 'ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ 2022'નું ઉદ્ઘાટન કર્યુ છે ?

(A) ભૂજ (B) પાલનપુર
(C) અમદાવાદ (D) ગાંધીનગર (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➢ **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભૂજ ખાતે રૂ. 200 કરોડના ખર્ચે નિર્મિત કરૂણાધામ કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યુ**

ભૂજ ખાતે હાર્ટ એટેક, કિડની ફેલ્યોર, કેન્સર, ન્યુરો સર્જરી સહિતના ગંભીર અકસ્માતમાં રાહત દરે સારવાર આપવાના હેતુ સાથે શરૂ થયેલ કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. આધુનિક સ્વાસ્થ્ય સુવિધા કચ્છને પ્રાપ્ત થવા બદલ શુભેચ્છા પાઠવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ કચ્છને સસ્તી અને આધુનિક સુવિધાઓ પૂરી પાડી ઉત્તમ ઈલાજની ગેરેન્ટી બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

➢ **કેશોદ એરપોર્ટ પર લાંબા સમયે વિમાની સેવાનો પ્રારંભ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયનમંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના હસ્તે કેશોદ એરપોર્ટ ખાતેથી કેશોદથી મુંબઈ વચ્ચે કોમર્શિયલ હવાઈ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કેશોદ એરપોર્ટ પર હવાઈ સેવાઓ માટેની આધુનિક સેવાઓનું પણ ઉદઘાટન કરવામાં આવ્યુ હતું. નોંધનીય છે કે જૂનાગઢના નવાબે સ્થાપિત કરેલ કેશોદ એરપોર્ટમાં છેલ્લા 21 વર્ષથી કોમર્શિયલ ફ્લાઈટ બંધ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➢ **મહારાષ્ટ્રમાં સ્થળાંતર ટ્રેકિંગ સિસ્ટમ**

તાજેતરમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા વ્યક્તિગત વિશિષ્ટ ઓળખ નંબર (Individual Unique identification Numbers)ના માધ્યમથી સંવેદનશીલ મોસમી સ્થળાંતર કામદારો (Vulnerable Seasonal Migrant Workers)ની હિલચાલ અથવા અવરજવરને ટ્રેક કરવા માટે વેબસાઈટ આધારિત સ્થળાંતર ટ્રેકિંગ સિસ્ટમ (Migration Tracking System-MTS) વિકસાવવામાં આવી છે. MTS પ્રોજેક્ટ 18 વર્ષની વય સુધી સ્તનપાન કરાવતી માતાઓ સહિત સ્થળાંતરિત લાભાર્થીઓને રસીકરણ, પોષણ પુરવઠો, આરોગ્ય તપાસ વગેરે જેવી સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS)ની સાતત્ય જાળવી રાખવા માટે પરિકલ્પના છે. આ ડેટાનો ઉપયોગ કરીને રાજ્ય સરકાર સ્થળાંતરિત કામદારોની આરોગ્ય યોજનાઓ, શૈક્ષણિક કાર્યક્રમો વગેરેમાં સુધારો કરી શકશે અને મનરેગાના વધુ સારી રીતે અમલીકરણની ખાતરી કરશે.

➤ **NCX ઈન્ડિયા**

તાજેતરમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય દ્વારા નેશનલ સાયબર સિક્યોરિટી ઈન્સીડેન્ટ રિસ્પોન્સ એક્સરસાઈઝ (NCX ઈન્ડિયા)નું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ સરકાર અથવા જટિલ ક્ષેત્રની સંસ્થાઓ અને એજન્સીઓના વરિષ્ઠ મેનેજમેન્ટ અને ટેકનિકલ કર્મચારીઓને સમકાલીન સાયબર ધમકીઓ અને સાયબર ઘટનાઓ તથા પ્રતિસાદના સંચાલન પર તાલીમ આપવાનો છે. તાલીમ માટેનું પ્લેટફોર્મ સાયબરએક્સર ટેકનોલોજી દ્વારા પ્રદાન કરવામાં આવી રહ્યું છે, જે એસ્ટેનિયન સાયબર સુરક્ષા કંપની છે તથા તે મોટા સાયબર અભ્યાસ કરવા માટે જાણીતી છે.

➤ **જમ્મુ અને કાશ્મીર રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી માટે પસંદ કરવામાં આવ્યું**

જમ્મુ જિલ્લાની પલ્લી પંચાયતને આ વર્ષે પંચાયતી રાજ દિવસની ઉજવણી માટે પસંદગી કરવામાં આવી છે. રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે 24 એપ્રિલના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જમ્મુ જિલ્લાના પલ્લી ગામમાંથી વર્ચ્યુઅલ રીતે દેશભરની પંચાયતોને સંબોધિત કરશે. આ પ્રસંગે દેશ વિદેશના ખ્યાતનામ ઉદ્યોગપતિઓની હાજરીમાં રૂ. 38 હજાર 82 કરોડની ઔદ્યોગિક વિકાસ યોજનાઓનો શિલાયન્સ કરવામાં આવશે. તેનાથી વિવિધ ક્ષેત્રોમાં ચાર લાખથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે. વિજ્ઞાન મંત્રાલયના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગ (DSIR) હેઠળની ભારત સરકારની એન્ટરપ્રાઈઝ સેન્ટર ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (CEL) દ્વારા પલ્લી ખાતે ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પાવર (GMSP) પ્લાન્ટ 20 દિવસના રેકોર્ડ સમયમાં સ્થાપિત કરવામાં આવી રહ્યો છે. આ ટેકનોલોજી પલ્લી પંચાયતોના ઘરોને સ્વચ્છ વીજળી મેળવવા માટે સક્ષમ બનાવશે, જે ભારત સરકારના 'ગ્રામ ઊર્જા સ્વરાજ' કાર્યક્રમ હેઠળ પ્રથમ કાર્બન ન્યુટ્રલ પંચાયત બનશે.

➤ **NATPOLREX-VIII**

તાજેતરમાં ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા ગોવાના મોર્મુગાવ બંદર પર બે દિવસીય રાષ્ટ્રીય સ્તરની પ્રદૂષણ પ્રતિભાવ અભ્યાસ NATPOLREX-VIIIની 8મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કવાયતમાં ટેબલ–ટોપ એક્સરસાઈઝ દર્શાવતી બે દિવસીય ઈવેન્ટનો સમાવેશ થાય છે, એક દરિયામાં અને ત્યારબાદ દરિયાઈ તેલ અને HNS પ્રસાર પર પ્રદૂષણ પ્રતિભાવ વર્કશોપનો સમાવેશ થાય છે. આ કવાયત દરમિયાન નેશનલ ઓઈલ સ્પીલ ડિઝાસ્ટર કન્ટીજન્સી પ્લાન (NOSDCP)ના વિવિધ ઘટકોને આકસ્મિક યોજનાઓને માન્ય કરવા અને સુધારવા માટે તથા દરિયામાં કોઈપણ સ્પિલ આપત્તિને પહોંચી વળવા માટે સંશાધન એજન્સીઓ તેમજ હિતધારકોની સજ્જતાનું મૂલ્યાંકન કરવા માટે અમલમાં મુકવામાં આવ્યું હતું. NATPOLREX ઉપરાંત ICG ચેન્નાઈ ખાતે ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશન (IORA) સભ્ય રાજ્યો સહિત 18 દેશોના 45 આંતરરાષ્ટ્રીય સહભાગીઓ માટે મરીન ઓઈલ રિસ્પોન્સ અને તૈયારીમાં ક્ષમતા નિર્માણ વ્યવસાયિક તાલીમ અભ્યાસ ક્રમનું આયોજન કરી રહ્યું છે. આ ઉપરાંત 50 એજન્સીઓના 85થી વધુ સહભાગીઓ ભાગ લઈ રહ્યા છે. તેમાં 22 મિત્ર દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના 29 નિરીક્ષકો અને શ્રીલંકા તથા બાંગ્લાદેશના બે કોસ્ટગાર્ડ જહાજોનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **તમામ સ્માર્ટ સિટીમાં ઈન્ટિગ્રેટેડ કમાન્ડ-કન્ટ્રોલ સેન્ટરો સ્થાપવામાં આવશે**

સ્માર્ટ સિટીઝ મિશન (SCM) હેઠળ વિકસાવવામાં આવી રહેલા 100 શહેરોમાંથી 80માં ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર્સ (ICCC)ની સ્થાપના થઈ ચૂકી છે. બાકીના શહેરોમાં પણ 15 ઓગસ્ટ 2022 સુધીમાં સંકલિત કમાન્ડ એન્ડ કન્ટ્રોલ હશે. ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ સેન્ટર્સ અથવા ICCC એ સ્માર્ટ સિટી પ્રોજેક્ટનો મહત્ત્વનો ભાગ છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય 100 આત્મનિર્ભર, નાગરિક મૈત્રીપૂર્ણ શહેરી વસાહતો વિકસાવવાનો છે. ગૃહમંત્રાલયનો હેતુ ICCC મોડલને અંતિમ સ્વરૂપ આપવા અને મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ કર્ણાટક, તમિલનાડુ અને રાજસ્થાન રાજ્યોમાં પાયલોટ પ્રોજેક્ટ લાગુ કરવાનો છે. ICCCs રીઅલ–ટાઈમ મોનિટરિંગ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે અને અગાઉ વીજળી અને પાણી, ટ્રાફિક, સેનિટેશન, સિટી કનેક્ટિવિટી, ઈન્ટિગ્રેટેડ બિલ્ડિંગ મેનેજમેન્ટ અને ઈન્ટરનેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિરીક્ષણ અને નિયંત્રણ કરવાનો હેતુ હતો. જો કે ICCCને હવે ગૃહમંત્રાલયના ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક અને સિસ્ટમ્સ (CCTNS) સાથે પણ જોડવામાં આવશે.

➤ **હિમાચલ પ્રદેશમાં 2025 સુધીમાં બનશે વિશ્વની સૌથી ઊંચી અને લાંબી ટનલ**

બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા 'શિંકુ લા ઘાટ' (Shinkula Pass) પર 16,580 ફૂટ પર વિશ્વની સૌથી ઊંચી ટનલનું નિર્માણ કરવામાં આવશે. આ ટનલ હિમાચલ પ્રદેશને લદ્દાખ સાથે જોડશે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા આ ટનલનું નિર્માણ જુલાઈ 2022 સુધીમાં શરૂ થશે. આ ટનલ લદ્દાખની ઝાસ્કર ઘાટીને હિમાચલ પ્રદેશ સાથે જોડશે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રોજેક્ટ યોજનાની સ્થાપના કરવામાં આવી છે. આ ટનલનું નિર્માણ કાર્ય વર્ષ 2025 સુધીમાં પૂર્ણ થઈ જશે. આ ટનલનું દક્ષિણ પોર્ટલ શિંકુ લા ખાતે હશે. તથા આ ટનલનો ઉત્તરી દરવાજો લખાંગમાં હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ મેળો 2022**

રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ મેળા 2022નું આયોજન 21 એપ્રિલ, 2022ના રોજ 700થી વધુ સ્થળોએ કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમનું આયોજન સ્કિલ ઈન્ડિયા ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેનિંગના સહયોગથી કરવામાં આવ્યું છે. આ પહેલનો ઉદ્દેશ્ય એક લાખથી વધુ એપ્રેન્ટિસની ભરતી કરવામાં મદદ કરવાનો છે અને દેશભરમાંથી યોગ્ય પ્રતિભાને ટેપ કરવા અને યોગ્ય તાલીમ અને વિવિધ વ્યવહારુ કૌશલ્ય પ્રદાન કરીને તેનો વધુ વિકાસ કરવામાં નોકરીદાતાઓને મદદ કરવાનો છે. રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ મેળામાં 30થી વધુ પ્રદેશોની 4000થી વધુ સંસ્થા ભાગ લેશે. આ ક્ષેત્રોમાં રિટેલ, પાવર, IT/TIes, ટેલિકોમ, ઓટોમોટિવ, ઈલેક્ટ્રોનિક્સ વગેરેનો સમાવેશ થાય છે. વધુમાં ઉમેદવારો ઈલેક્ટ્રિશિયન, વેલ્ડર, બ્યુટિશિયન, હાઉસકીપર, મિકેનિક વગેરે સહિત 500થી વધુ ટ્રેડ પસંદ કરી શકશે અને તેમાં જોડાઈ શકશે. જે વિદ્યાર્થીઓએ ઓછામાં ઓછું 5મું અને 12મું ધોરણ પૂર્ણ કર્યુ છે તેઓ આ એપ્રેન્ટિસશીપ મેળા માટે અરજી કરવા પાત્ર છે.

➤ **ક્વોન્ટમ કમ્પ્યુટિંગ પર ઈન્ડો-ફિનિશ વર્ચ્યુઅલ નેટવર્ક સેન્ટરની સ્થાપના કરવામાં આવશે**

ભારત અને ફિનલેન્ડ દ્વારા ક્વોન્ટમ કમ્પ્યુટિંગ પર ઈન્ડો–ફિનિશ વર્ચ્યુઅલ નેટવર્ક સેન્ટરની સ્થાપના કરવામાં આવશે જેથી બંને દેશોની જરૂરિયાતોને પહોંચી વળવા વિકાસ પ્રોજેક્ટ અને નવીન સંશોધનોને પ્રોત્સાહિત કરવામાં આવે. ફિનલેન્ડના આર્થિક બાબતોના મંત્રી મિકા લિન્ટિલાએ કેન્દ્રીય મંત્રી શ્રી જીતેન્દ્રસિંહ સાથે મુલાકાત કર્યા બાદ આ કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. આ વર્ચ્યુઅલ નેટવર્ક સેન્ટરની સ્થાપના માટે બંને દેશોનો આ દ્વિપક્ષીય સહકાર એ વિકાસ પ્રોજેક્ટ અને નવીન સંશોધનોને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ છે. જે ચોક્કસ પડકારો અને જરૂરિયાતોને સંબોધિત કરશે, વ્યાવસાયિક સંભાવિતતા સાથે ઉચ્ચ ઔદ્યોગિક સુસંગતતા દર્શાવશે. ક્વોન્ટમ કમ્પ્યુટિંગ પર વર્ચ્યુઅલ નેટવર્ક સેન્ટર માટે ત્રણ ભારતીય સંસ્થાઓની ઓળખ કરવામાં આવી છે જેમાં IISER-પુણે, IIT મદ્રાસ અને C-DAC પુણેનો સમાવેશ થાય છે.

➤ **SAANS પહેલ**

કર્ણાટકના આરોગ્ય અને તબીબી શિક્ષણ મંત્રી શ્રી કે સુધારકરે 20 એપ્રિલ 2022ના રોજ 'સામાજિક જાગૃતિ અને ન્યુમોનિયાને સફળતાપૂર્વક નિષ્ક્રિય કરવા માટેની કાર્યવાહી (Social Awareness and Action to Neutralise Pneumonia Successfully-SAANS) પહેલની શરૂઆત કરી છે. SAANS એ પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ન્યુમોનિયાની વહેલી તપાસ અને વધુ જાગૃતિની ખાતરી કરવા માટે શરૂ કરાયેલ અભિયાન છે. ન્યુમોનિયા એ ફેફસાંનો ચેપ છે જે વાયરલ, બેક્ટેરિયલ અથવા ફંગલ ચેપને કારણે થાય છે. SRS 2018 મુજબ કર્ણાટકમાં પાંચ વર્ષથી નીચેના બાળકોનો મૃત્યુ દર 1000 જીવિત જન્મ એ પ્રતિ 28 છે. 2025 સુધીમાં રાજ્યનું લક્ષ્ય પ્રતિ 1000 જીવનમાં પાંચથી નીચેના બાળકોનો મૃત્યુ દર ઘટાડવાનો છે.

➤ **મુંબઈમાં પ્રથમ ડિજિટલ બસ સેવાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું**

20 એપ્રિલ, 2022ના રોજ મહારાષ્ટ્ર રાજ્યના પર્યાવરણ મંત્રી શ્રી આદિત્ય ઠાકરે ગેટવે ઓફ ઈન્ડિયાથી ચર્ચગેટ સુધીના રૂટ પર અનોખા 'ટેપ–ઈન–ટેપ–આઉટ' સુવિધા સાથે મુંબઈની પ્રથમ સંપૂર્ણ ડિજિટલ બસનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ દેશની પ્રથમ 100% ડિજિટલ બસ સેવા છે જે બસ ટિકિટિંગ સિસ્ટમના ડિજિટલાઈઝેશનને વધારવાનો હેતુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **વિશ્વ બેંકે વૈશ્વિક વૃદ્ધિ અનુમાન ઘટાડ્યુ**

વિશ્વ બેંકે 2022 માટે વૈશ્વિક વૃદ્ધિ અનુમાન 4.1%થી ઘટાડીને 3.2% કર્યુ છે. યુક્રેન પર રશિયન આક્રમણની અસરોથી વૃદ્ધિની આગાહી ઓછી કરવામાં આવી છે. વિશ્વ બેંકે 170 બિલિયન ડોલરના નવા 15 મહિનાના કટોકટી ધિરાણ લક્ષ્યની દરખાસ્ત કરી છે, જેમાંથી 50 બિલિયન ડોલર આગામી ત્રણ મહિનામાં પ્રતિબદ્ધ થશે. સૂચિત ભંડોળ લક્ષ્ય એપ્રિલ 2022થી જૂન 2023 સુધી આવરી લેવામાં આવશે. વિશ્વ બેંકે કહ્યું કે મધ્ય એશિયા અને યુરોપિયન ક્ષેત્રમાં 4.1% સંકોચન થશે જેમાં રશિયા, યુક્રેન અને અન્ય નજીકના દેશોનો સમાવેશ થાય છે. વિશ્વ બેંકે અગાઉ 160 બિલિયનનો COVID-19 ધિરાણ કાર્યક્રમ અમલમાં મુકયો હતો.

➤ **UAEમાં UPI સુવિધા શરૂ**

નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની આંતરરાષ્ટ્રીય શાખા ‘NPCI ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ (NIPL)’ એ જાહેરાત કરી છે કે BHIM UPI સમગ્ર UAEમાં NEOPAY ટર્મિનલ્સ પર લાઈવ છે. આ પહેલ UAEમાં મુસાફર કરતા લાખો ભારતીયોને સુવિધાજનક અને સુરક્ષિત રીતે ચૂકવણી કરવા માટે સશક્ત બનાવશે. NEOPAY – સક્ષમ વેપારી સ્ટોર્સ અને દુકાનો પર BHIM UPIનો ઉપયોગ કરીને ચૂકવણી કરી શકાય છે. Mashreq Bankની પેમેન્ટ પેટાકંપની NEOPAY અને NIPLએ 2021માં UPI સ્વીકૃતિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે ભાગીદારી કરી હતી.



## ICE ? Questions

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં રૂ. 200 કરોડના ખર્ચે નિર્મિત.............ખાતે કરૂણાધામ કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યુ હતું. – ભૂજ
- તાજેતરમાં સૌરાષ્ટ્રના કયા શહેરમાં લાંબા સમય પછી વિમાની સેવાનો પ્રારંભ થયો છે ? – કેશોદ
- તાજેતરમાં કયા રાજ્ય દ્વારા સ્થળાંતર કામદારો માટે 'સ્થળાંતર ટ્રેકિંગ સિસ્ટમ' (MTS) વિકસાવી છે ? – મહારાષ્ટ્ર
- તાજેતરમાં.................................... દ્વારા નેશનલ સાયબર સિક્યોરિટી ઈન્સિડેન્ટ રિસ્પોન્સ એક્સરસાઈઝ (NCX ઈન્ડિયા)નું આયોજન કરવામાં આવ્યું હતું. – રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય
- આ વર્ષે રાષ્ટ્રીય પંચાયત રાજ દિવસની ઉજવણી માટે.................ની પસંદગી કરવામાં આવી છે. – પલ્લી પંચાયત, જમ્મુ કાશ્મીર
- તાજેતરમાં ગોવાના મોર્મુગાવ બંદર પર 'NATPOLREX-VIII'ની કેટલામી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું ? – 8મી
- ............................... હેઠળ તમામ સ્માર્ટ સિટીમાં ઈન્ટિગ્રેટેડ કમાન્ડ–કન્ટ્રોલ સેન્ટર સ્થાપવામાં આવશે. – સ્માર્ટ સિટીઝ મિશન
- કયા રાજ્યમાં 2025 સુધીમાં વિશ્વની સૌથી ઊંચી અને લાંબી ટનલ બનશે ? – હિમાચલ પ્રદેશ
- તાજેતરમાં રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ મેળા 2022નું આયોજન કોના સહયોગથી કરવામાં આવ્યું હતું ? – સ્કિલ ઈન્ડિયા ડિરેક્ટોરેટ
- વિશ્વ બેંકે 2022 માટે વૈશ્વિક વૃદ્ધિનું અનુમાન 4.1%થી ઘટાડીને ............ કર્યુ છે. – 3.2%
- ભારત અને કયા દેશ દ્વારા ક્વોન્ટમ કમ્પ્યુટિંગ પર ઈન્ડો–ફિનિશ વર્ચ્યુઅલ નેટવર્ક સેન્ટરની સ્થાપના કરવામાં આવશે ? – ફિનલેન્ડ
- તાજેતરમાં કયા રાજ્યમાં SAANS પહેલની શરૂઆત કરવામાં આવી છે ? – કર્ણાટક
- તાજેતરમાં કયા શહેરમાં પ્રથમ ડિજિટલ બસ સેવાનું ઉદઘાટન કરવામાં આવ્યું છે ? – મુંબઈ
- તાજેતરમાં UAEમાં UPI સુવિધા શરૂ થઈ છે. વર્ષ 2021માં NIPL અને ................એ UAEમાં UPI સ્વીકૃતિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે ભાગીદારી કરી હતી. – NEOPAY

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Poison Pill' કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – કંપનીનું અધિગ્રહણ
2. Export Promotion Capital Goods (EPCG) યોજના કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંકળાયેલ છે ? – વાણિજ્ય મંત્રાલય
3. કયા રાજ્યએ સિદ્ધલિંગ સ્વામીની જન્મજયંતિને 'એકતા દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ? – કર્ણાટક
4. તાજેતરમાં ચર્ચામાં રહેલ સુશ્રી સામિયા સુલુહુ હસન કયા દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ છે ? – તાંઝાનિયા
5. વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર રોજિંદા ખર્ચની મર્યાદા કેટલી છે જેનાથી નીચે વ્યક્તિને અત્યંત ગરીબી (Extreme Poverty)માં વર્ગીકૃત કરવામાં આવે છે ? – 1.90 ડોલર
6. કયું કેન્દ્રીય મંત્રાલય 1 લાખથી વધુ આયુષ્માન ભારત–સ્વાસ્થ્ય અને સુખાકારી કેન્દ્રો પર 'બ્લોક લેવલ હેલ્થ મેળા'નું આયોજન કરી રહ્યું છે ? – આરોગ્ય મંત્રાલય
7. કયો દેશ 'આંતરરાષ્ટ્રીય જળ સપ્તાહ–જળ સંમેલન' (International Water Week-Water Convention) 2022નું યજમાન છે ? – સિંગાપોર
(ભારતના નેશનલ મિશન ફોર ક્લીન ગંગા (NMCG)ના ડાયરેક્ટર જનરલે સિંગાપોર ઈન્ટરનેશનલ વોટર વીક, વોટર કોન્ફરન્સ 2022માં વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો હતો અને 'ભારતમાં ગંદા પાણીના ઉત્પાદન, સારવાર અને વ્યવસ્થાપનની સ્થિતિ' પર પ્રસ્તુતિ કરી હતી)
8. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી શીખ ધર્મના ગુરૂ શ્રી તેગબહાદુરજીના કેટલામાં ઉત્સવને સંબોધિત કર્યુ હતું ? – 400મા
9. તાજેતરમાં સમાચારમાં રહેલ અલ–અક્સા મસ્જિદ કયા શહેરમાં સ્થિત છે ? – જેરૂસલેમ
10. તાજેતરમાં સમાચારમાં રહેલ પૂર્વી તિમોર (East Timor)ને સંયુક્ત રાષ્ટ્રદ્વારા કયા વર્ષે માન્યતા આપવામાં આવી હતી ? – 2002
11. L-root Server મેળવનાર કયું રાજ્ય દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે ? – રાજસ્થાન
12. શ્રી વેદાંત માધવ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – સ્વિમિંગ
(ભારતના પ્રતિભાશાળી સ્વિમર શ્રી વેદાંત માધવને કોપેનહેગાન ખાતે યોજાયેલી ડેનિસ ઓપન સ્વિમિંગ ચેમ્પિયનશિપની 800 મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. આ ઉપરાંત 1500 મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં પણ સિલ્વર મેડલ જીત્યો હતો. નોંધનીય છે કે શ્રી વેદાંત માધવ જાણીતા ફિલ્મ સ્ટાર આર માધવનના પુત્ર છે.)
13. પાક વર્ષ 2022-23 માટે જાહેર કરાયેલ ખાદ્યાન ઉત્પાદન લક્ષ્યાંક શું છે ? – 328 મિલિયન ટન
(કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે 'કૃષિ પર રાષ્ટ્રીય પરિષદ : ખરીફ અભિયાન 2022'નું ઉદઘાટન કર્યુ હતું. ઈવેન્ટ દરમિયાન સરકારે 2022-23 માટે 328 મિલિયન ટનના ખાદ્ય અનાજ ઉત્પાદન લક્ષ્યની જાહેરાત કરી હતી.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. કયા મિશન હેઠળ 'National Apprentieeship Mela'નું આયોજન કરવામાં આવ્યું હતું ? – સ્કિલ ઈન્ડિયા

15. કયા રાજ્યએ તેનું 'Spece Tech' ફ્રેમવર્ક લોન્ચ કર્યુ છે અને મેટાવર્સ પર આ લોન્ચ ઈવેન્ટનું આયોજન કર્યુ છે ? – તેલંગાણા

16. કયા કેન્દ્રીય મંત્રાલયે 'નેશનલ મેટલર્જિસ્ટ એવોર્ડ 2021' કાર્યક્રમનું આયોજન કર્યુ હતું ? – સ્ટીલ મંત્રાલય

17. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નવસારી જિલ્લાના ગણદેવી સ્થિત.............નદી પર 3.25 કરોડના ખર્ચના 'વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર ડેમ પ્રોજેક્ટ'નું ખાત મૂહુર્ત કર્યુ છે. – કાવેરી (નવસારી જિલ્લામાં)

18. ભારતનો પ્રથમ શુદ્ધ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ કયા રાજ્યમાં સ્થાપિત કરવામાં આવ્યો છે ? – આસામ
(ઓઈલ ઈન્ડિયા લિમિટેડ (Oil)એ આસામ રાજ્યમાં ભારતનો પ્રથમ 99.999% શુદ્ધ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ શરૂ કર્યો છે.)

19. એરિઓસોમા ઈન્ડિકમ, જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે કઈ પ્રજાતી સાથે સંબંધિત છે ? – ઈલ
(ભારતીય વૈજ્ઞાનિકોના એક જૂથે કેરળ અને પશ્ચિમ બંગાળના માછીમારી બંદરો પર એકત્ર કરાયેલા નમૂનાઓમાંથી 'Eriosoma Indicum' નામની ઈલની નવી પ્રજાતિ શોધી કાઢી છે.)

20. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ઉમાધામ ગાંઠીલાનો 14મો મહાપાટોત્સવ ભક્તિપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કર્યુ હતું જેમાં તેમણે જણાવ્યું હતું કે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે દરેક જિલ્લામાં ................ અમૃત સરોવરનું નિર્માણ કરવામાં આવશે ? – 75

21. શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ જિલ્લાના કયા સ્થળે 'આદર્શ સહકાર ગ્રામ યોજના'નો શુભારંભ કરાવ્યો છે ? – બાવળા

22. તાજેતરમાં ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા ................ના ભીમરાડ ગામમાં રૂ. 10 કરોડના ખર્ચે નિર્મિત થનારા 'ગાંધી સ્મારક'નું માર્ગ અને મકાન તથા પ્રવાસન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. – સુરત

23. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ગંગા ક્વેસ્ટ 2022'નું આયોજન કયા મિશન હેઠળ કરવામાં આવી રહ્યું છે ? – સ્વચ્છ ગંગા માટે રાષ્ટ્રીય મિશન

24. રશિયાએ તાજેતરમાં કઈ મિસાઈલનું પરીક્ષણ કર્યુ છે ? – ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM)
(યુક્રેન પર આક્રમણને કારણે પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલા કડક પ્રતિબંધો વચ્ચે રશિયાએ તાજેતરમાં તેની નવી ઈન્ટકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) સરમતનું પરીક્ષણ કર્યુ હતું. આ મિસાઈલ પૃથ્વીના કોઈપણ ધ્રુવ પર ફાયરિંગ કરવાની ક્ષમતા ધરાવે છે. તેની રેન્જ 11000થી 18000 કિમીની છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
|---|---|
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
|---|---|
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
|---|---|
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
|---|---|
| icerajkot | ICE® MAGIC<br>WEEKLY CURRENT AFFAIRS<br>Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ Social Media Icon પર Click કરો.